**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૬૪ ટકા

# શહેરમાં જાહેર બગીચાઓની દુર્દશાના દ્રશ્યો

## રમતગમતના સાધનો સહિત બગીચામાં ગંદકીનો માહોલ : બાઉન્ડ્રીની જાળીઓ ચોરાઈ ગઈ છે : બગીચામાં સિક્યોરીટી ગાર્ડનો અભાવ : ગાર્ડની નિમણૂંક કરવા લોકમાંગણી





ગાંધીનગર, તા.૨૪

પાટનગરમાં બગીચાઓ કરોડોના ખર્ચે બનાવાયા છે જેમાં નાના બાળકોના રમત ગમત માટેના સાધનોથી લઈ વડીલો માટે બેસવાના બાંકડા અને હેલ્થ કોન્સિયસ વ્યક્તિઓ માટે કસરત કરવાના સાધનોની વ્યવસ્થાઓ મુકવામાં આવી છે. જેને શહેરીજનો સારી રીતે ઉપયોગ કરતાં જોવા મળી રહયા છે. પરંતુ આ નવનિર્મિત બગીચાઓમાં અત્યારથી જ ઘણી સમસ્યાઓ ઉત્પન્ન થવા પામી છે. સે-૫માં જાહેર બગીચાની દુર્દશા થઈ ગઈ છે. ચાર માસ અગાઉ જાહેર નાગરિકો માટે ખુલ્લો મુકાયો છે જેમાં સાધનો તુટી ગયા છે. બગીચામાં લગાવેલા બ્લોક પણ ઉખડી ગયા છે. વધુમાં બગીચાની ફરતે લગાવેલી બાઉન્ડ્રીની જાળીઓની પટ્ટીઓ પણ ચોરાઈ ગઈ છે. કારણકે ત્યાં સિક્યોરીટી ગાર્ડની કોઈ વ્યવસ્થા નથી ફકત એક મજુર વ્યક્તિ માળી તરીકે ફરજ બજાવે છે. સીકયોરીટી ગાર્ડની ફરજ બજાવે છે તથા બગીચાની સાફસફાઈ કરે છે. જેમાં એકલો વ્યક્તિ તમામ કામમાં પહોંચી શકતો નથી. જેથી બગીચામાં નાગરિકોને જરૂરીયાત પ્રમાણે સુખ સુવિધા આપવામાં આવે તેવી વસાહતીઓની માંગણી છે. જાહેર બગીચામાં કોઈ સિક્યોરીટી ગાર્ડ ન હોવાથી ચીજવસ્તુઓની ચોરી થઈ રહી છે તેથી અહીંયા એક ગાર્ડની નિમણૂંક કરવામાં આવે તેવી માંગ પણ ઉઠી રહી છે.

તાજેતરમાં સુત્રોના જણાવ્યમા પ્રમાણે બગીચાના રીનોવેશન માટે છ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ બગીચામાં નાગરિકોને જરૂરીયાત મુજબ રમત ગમતના સાધનો, સિનિયર સીટીઝનોને અલગ બેસવા માટેની કોઈ સુવિધા સાથેની બેઠક વ્યવસ્થા કરવામાં આવી નથી.

આથી મહાનગરપાલિકા દ્વારા સે-૫માં જાહેર બગીચામાં તમામ સુવિધાયુકત બનાવવમાં આવે તેવી વસાહતીઓની લાગણી અને માંગણી છે.

## કે.કે.પટેલ વિદ્યાલય દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો



ગાંધીનગર, તા.૨૪

કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે ઉચ્ચતર મા.શાળા અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પાવાગઢ પ્રવાસે લઈ જવામાં આવ્યા હતા. સવારે ૫(પાંચ) વાગે બસ પાવાગઢ માટે રવાના થઈ હતી. જેમાં શાળામાંથી ઉચ્ચતર અને માધ્યમિક શાળાના ૧૦૦ વિદ્યાર્થીઓ પ્રવાસે ગયા હતા. જેમાં પાવાગઢ, ટીવાટુંબા, ગલતેશ્વર, ડાકોરનો પ્રવાસ થયો હતો. સવારનો નાસ્તો, બપોરનું ભોજન, સાંજનું ભોજન આપવામાં આવ્યું હતું. રાત્રે ૯ વાગે પ્રવાસમાંથી શાળામાં પરત ફર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન નારાયણભાઈ પટેલે કર્યું હતું અને ભાવનાબાના માર્ગદર્શન હેઠળ પ્રવાસ પૂર્ણ થયો હતો.

## રાજયમાં ટોલ ટેકસ નહી ઘટાડતા ટ્રાન્સપોર્ટરો ઉગ્ર પ્રતિક્રિયા આપવા સજ્જ

ગાંધીનગર, તા.૨૪

સરકારે લેખિત નિયમમાં જાહેર કર્યુ હતું કે એનએચએઆઈ દ્વારા બનાવાવમાં આવતા માર્ગોમાં બોટ (બીઓટી) ધોરણે નિર્માણ થયુ હશે તો તેનું નિર્માણ પૂરુ થતા સરકારને તે રોડ સોંપી દેવાશે અને ત્યાર બાદ ફક્ત મેઈન્ટેનન્સ કરવાનું રહેશે અને તેનો અર્થ એ કે તે રોડ પર ફક્ત છેલ્લા લેવાતા ટોલટેક્સમાંથી ૪૦ ટકા જ લેવામાં આવશે, છતા પણ આજ સુધી તેનો અમલ નહી થતા અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિયેશને હવે ઉગ્ર પગલાં લેવાનું નક્કી કર્યુ છે. અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિયેશનના કાર્યકારી પ્રમુખ મુકેશ દવેએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતુ કે ગુજરાતમાં આવા છ માર્ગો છે જેમાં ટોલ લોકેશન પ્રમાણે જોઈએ તો તેમાં બરોડા-ભરૂચ, ભરૂચ-સુરત, સુરત દહીંસરના ચાર હાઈવે જે આયુષ અજય કંસ્ટ્રક્શન પ્રા. લિમીટેડ અને આઈઆરબી દ્વારા બનાવવામાં આવ્યા હતા તેની અવધિ ૨૦૨૨ અને ૨૦૨૧માં પૂર્ણ થઈ ગઈ હોવા છતાં પણ પૂરેપૂરો ટોલટેક્સ વસૂલવામાં આવે છે.

આમ બિલ્ટ-ઓપરેટ અને ટ્રાન્સફરની શરતત મુજબ સરકારને ટ્રાન્સફર કર્યા પછી પણ ૪૦ ટકા જ ટોલટેક્સ વસૂલવાના નિયમનો ધરાર અનાદર થઈ રહ્યો છે. એટલુ જ નહી સરકારે થર્ડ લેનમાં ટ્રક જવી ન જોઈએ તેવુ ઠરાવ્યુ છે ત્યારે જો માર્ગો પરના ખાડાને કારણે થોડી પણ ટ્રક થર્ડ લેનમાં જાય તો તેને જેલભેગો કરી દેવામાં આવે છે.

મુકેશ દવેએ વધુમાં જણાવ્યું હતુ કે આ બાબતે અમે કેન્દ્રને તથા રાજ્ય સરકારને વારંવાર જાહેરાતો કરી હોવા છતા આજ દિન સુધી ઉકેલ નહી આવતા દેશભરના ટ્રાન્સપોર્ટર્સ હાથ મિલાવીને આ દિશામાં કોઈ નક્કર કદમ ઉઠાવશે. જેના અનુસંધાનમાં આગામી ૧૦ ઓક્ટોબરના રોજ ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસની મુંબઈ ખાતે યોજાનાર છે જેમાં આગળ કેવી રણનીતિ ઘડવી તે અંગે ચર્ચા કરાશે. ઉલ્લેખનીય છે કે દેશભરમાં હાલમાં ૮૫ લાખ જેટલી રજિસ્ટર્ડ ટ્રકો છે જેમાંથી ગુજરાતમાં ૧૧ લાખ જેટલી ટ્રકો છે. આ ઉપરાંત એસોસિયેશન દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પણ પીઆઈએલ કરવામાં આવી છે જેની હજુ સૂનાવણી થઈ નથી. આ સંજોગોમાં એસોસિયેશન દ્વારા ભવિષ્યમાં નક્કર પગલાંઓ લેવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## જે.એમ.ચૌધરીમાં ગ્લોબલ વોર્મીંગ ચિત્ર સ્પર્ધા



ગાંધીનગર, તા. ૨૪

જે.એમ.ચૌધરી શાળામાં ગ્લોબલ વોર્મીંગ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો.૬થી ૮ના ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ગ્લોબલ વોર્મીંગથી બચવા માટેનાં ઉપાયોને લગતા ચિત્રો દોર્યા હતા. જેમાં પ્રથમ ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. આચાર્યા અંજનાબેન ચૌધરીએ વિદ્યાર્થીઓને ગ્લોબલ વોર્મીંગથી માહિતગાર કર્યા હતા.

## પ્રજ્ઞાચક્ષુ કલાકારો માટે બેસ્ટ સિંગર સ્પર્ધા ડિવાઈન સૂરનું આયોજન



ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરની વેબ ન્યૂઝ ચેનલ "તસવીરે ગાંધીનગર" દ્વારા આઝાદીના અમૃત ઉત્સવ અંતર્ગત ગુજરાતના પ્રજ્ઞાચક્ષુ કલાકારો માટે ગાંધીનગરમાં સૌપ્રથમવાર હિન્દી ફિલ્મ ગીત કરાઓકે બેસ્ટ સિંગર કોમ્પીટીશન "ડિવાઈન સુર"નું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરની સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં બે વિભાગમાં આ સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો શુભારંભ બ્રહ્માકુમારીના ડાયરેકટર બી.કે. કેલાશાડી, કલાગુરુ હરીશ રાઠોડ, એડવોકેટ ડો.અશ્વિન ત્રિવેદી, યોગગુરૂ કાનજી બાવરીજી, અંધજન વિદ્યાલયના આચાર્ય મનુભાઈ ચૌધરી, પોલીસ અધિકારી પ્રવીણ વાલેરા, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ સંજય થોરાત દ્વારા કરવામાં આવ્યો હતો. એક પછી એક પ્રજ્ઞાચક્ષુ કલાકારોએ પોતાના સુંદર અવાજથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. નોંધનીય છે કે આ ગાયન સ્પર્ધામાં ગાંધીનગર, અમદાવાદ, મેમનગર, બરોડા, સુરેન્દ્રનગર, સાવરસુંદલા, સહિતના કલાકારોની પસંદગી કરવામાં આવી હતી. દસ વર્ષથી અઢાર વર્ષ સુધી વિભાગમાં પ્રથમ ક્રમે વેસ્ટ સિંગર ગુજરાતમાં જુનિયર સ્નેહા ઠાકોર, દ્વિતીય સ્થાન હેપ્પી દેસાઈ, તૃતીય સ્થાન નિશા પરમાર વિજેતા થયા હતા.

અને ઓગણીસ વર્ષથી વધુ વયના, ઓપન કેટેગરીમાં બેસ્ટ સિંગરમાં વત્સલ માંડલિયાએ પ્રથમ, કૌશલ બીજા ક્રમે અને અમીના ચૌહાણ ત્રીજા ક્રમે વિજેતા થયા હતા. આ દિવ્ય સૂર સ્પર્ધાના અંતિમ રાઉન્ડમાં ૨૫ કલાકારોની પસંદગી કરવામાં આવી હતી. તમામ વિજેતાઓને ગાંધીનગરની પ્રથમ હિન્દી વેબ ન્યૂઝ ચેનલ તરફથી હેર, ટ્રોફી અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર વતી તમામ સહભાગીઓને ગિફટ હેમ્પર આપવામાં આવી હતી.

માર્શલ આર્ટના નિષ્ણાત પ્રજ્ઞેશ મેસરીયાજીએ સંરક્ષણ હેઠળ સ્વરક્ષણ વિશે માહિતી આપી હતી. તો ગણશીનગરના જાણીતા ગાયક હેમાંગ દવેએ પોતાના સુંદર અવાજમાં ગીત રજૂ કર્યું હતું.

સંગીત સ્પર્ધાના તમામ કલાકારોને પ્રોત્સાહિત કરવા ગોલ્ડન વિંગના વડા અને સામાજિક કાર્યકર હર્ષાબા ધાંધલ, સંસ્કૃતિ સંસ્થાના વડા પ્રતિભા દવેજી, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના નિલેન્દુ વોરાજી, પ્રવેગના ઓપરેશન હેડ દીપલ પરમાર, રણોત્સવના મહિલા અધિકારી હેતલ પ્રજાપતિએ જહેમત ઉઠાવી હતી. ફૌનાસન ક્ષેત્રના બ્રિજરાજસિંહ ઝાલા, નહેરુ યુવા કેન્દ્રના હાર્દિક મોચી, મંથન શાહ ઉપસ્થિત રહ્યા હતા. ગીત સંગીતના આ સુંદર કાર્યક્રમને વધુ સુંદર બનાવવા માટે ફિઝિયોથેરાપિસ્ટ ડો.હાર્દિક તલટી, વનશ્રી ટ્રસ્ટ, માનસ સેવા ટ્રસ્ટ, પત્રકાર એકતા પરિષદ..નો સહયોગ મળ્યો હતો. આ દિવ્ય સૂરના પ્રયોગના તમામ કલાકારોને શ્રોતાઓએ આશીર્વાદ આપ્યા હતા અને તેમની કલાને બિરદાવી હતી. આ યાદગાર ગાયન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સંગીત નિષ્ણાત હાર્દિકા શુક્લાજી અને ગાંધીનગરના ૩ વખતના શ્રેષ્ઠ ગાયક સાગર દેસાઈએ સેવા આપી હતી. ગાંધીનગરમાં આયોજિત પ્રથમ સ્પર્ધાનું સંચાલન સુંદર અને સફળ દિવ્ય સુરકા કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. તસવીરે ગાંધીનગરના એડિટર કશ્યપ નિમાવતે તમામ કલાકારો, તેમના વાલીઓ, શાળા પ્રશાસન અને ઉપસ્થિત પ્રેક્ષકોનો આભાર માન્યો હતો.

## સરકારી ઈજનેરી કોલેજ પ્રોસેસિંગ એંડ કેરેક્ટરાઈજેશન-૨૦૨૨નું આયોજન



ગાંધીનગર, તા.૨૪

સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગરના મેટલર્જી વિભાગ ખાતે ગુજકોસ્ટ-ડીએસટી સ્પોંસર્ડ, ડીટીઈ અપ્રૂવડ સાપ્તાહિક ફેકલ્ટી ડવલપમેંટ પ્રોગ્રામ “પ્રોસેસિંગ એંડ કેરેક્ટરાઈજેશનનું આયોજન તારીખ ૧૯થી ૨૩ સેપ્ટેમ્બર ૨૦૨૨ દરમિયાન કર્યુ હતુ. આ ફેકલ્ટી ડવલપમેંટ પ્રોગ્રામના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો ડૉ. દૌલત શર્મા તથા પ્રા. દેવાંગ મહંતના જણાવ્યા પ્રમાણે ઉપરોક્ત તાલીમમાં ગુજરાતની વિવિધ નામાંકિત સંસ્થાઓ અને ઈંડસ્ટ્રીજ ખાતેથી પાર્ટીશિપેંટ્શ ભાગ લીધો હતો. જેનો મુખ્ય હેતુ મટિરિયલ્સની આધુનીક પ્રક્રિયા અને તેના વિવિધ કેરેક્ટરાઈજેશન વિષયનું વિવિધ રાષ્ટ્રીય કક્ષાની નામાંકિત સંસ્થાઓના તજજ્ઞનો દ્વારા તાલીમ આપવાનું હતુ. ફેકલ્ટી ડવલપમેંટ પ્રોગ્રામનું સમાપન ડૉ. મંગલ ભટ્ટ, આચાર્ય, શાંતીલાલ શાહ સરકારી ઈજનેરી કોલેજ, ભાવનગર, ડૉ. સ્વેતા પી દવે, આચાર્ય, સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર, ડૉ. આઈ. બી. દવે, મેટલર્જી ખાતાના વડા અને વિવિધ ખાતાના વડાઓની ઉપસ્થિતિમાં ૨૩મી સેપ્ટેમ્બર ૨૦૨૨ રોજ કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



મહેન્દ્ર એમ ત્રિવેદી
અધ્યાપક, નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ કો-ઓપરેટિવ મેનેજમેન્ટ
મો. ૯૯૨૪૫ ૪૯૭૪૯



ડો. દિલીપ મેવાડા



રાજવીરસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧



પારૂલ મેહુલ પટેલ
મો. ૯૮૭૯૮ ૧૨૧૧૧



પ્રજ્ઞાબેન ઠક્કર
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



ચંદાબેન યાદવ
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના



કે સી ભટ્ટ
મો. ૯૮૨૪૫ ૯૩૬૨૭



મનહરસિંહ
આશાપુરા જલસેવા
મો. ૭૦૪૬૨ ૨૯૬૦૧



કુંજેશ એન સોલંકી
મો. ૮૮૪૯૯ ૨૯૫૧૯



નિખિલભાઈ એસ. બક્ષી
મો. ૯૪૨૮૨ ૧૭૩૬૦



પૂર્ણા પંડ્યા



રોહિત દિનેશભાઈ પરમાર



પાર્થ બ્રહ્મભટ્ટ
યુથ રેડક્રોસ



હેઝલ



રાહુલ જી પટેલ
યુથ રેડક્રોસ



દિપીકાબેન લલીતભાઈ સુતરીયા

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.બિહોલા રણજીતસિંહ લક્ષ્મણસિંહ ઉ.વ.૭૨, સેકટર-૩
- સ્વ.કદમ સુલોચનાબેન બાબુરાવ ઉ.વ.૮૫, કુડાસણ

● રૂદ્રભૂમિ ●

- સ્વ.ખખ્ખર મનોરમા નટવરલાલ ઉ.વ.૭૫, કુડાસણ